# આજે વધુ ૬૪ બેઠકો પર મતદાન



## આઠમાં ચરણમાં અમેઠી સહિત ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશની ૬૪ બેઠકો માટે મતદાન : રાહુલ ગાંધી, સ્મૃતિ ઈરાની, કુમાર વિશ્વાસ, વરૂણ ગાંધી, બેની પ્રસાદ વર્મા સહિત ૯૦૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : બિહારના નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં મતદાન સાંજે ૪ વાગે પૂર્ણ

નવીદિલ્હી,તા. ૬ લોકસભાની ચૂંટણીના આઠમાં તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. આના માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આઠમાં તબક્કામાં સાત રાજ્યોની ૬૪ બેઠકો માટે મતદાન યોજાનાર છે. મતદાન સવારે સાત વાગે શરૂ થયા બાદ સાંજે છ વાગ્યા સુધી ચાલશે. બિહારના નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં મતદાન સાંજે ચાર વાગે પૂર્ણ થઈ જશે. તમામ જગ્યાઓએ રેકોર્ડ મતદાન થાય તે માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. તમામની નજર રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠી ઉપર રહેશે જ્યાં રાહુલની સામે સ્મૃતિ ઈરાની અને કુમાર વિશ્વાસ મેદાનમાં છે. ચૂંટણીને લઈને તમામ તૈયારી પરિપૂર્ણ કરી લેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સફળ લગ્ન એ એક એવી ઇમારત છે... જેને રોજે રોજ નવેસરથી ચણવી પડે છે - *મુનિ ભાનુચંદ્રજી*

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૬ | ૭ મે, ૨૦૧૪, બુધવાર; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

### મનમોહન પાસે ૯ લાખની વોચ

વિદેશ પ્રવાસ દરમિયાન



રાજકારણીઓને મળતી ભેટ સોગાદોની સુચિ વિદેશ મંત્રાલયની વેબસાઈટ પર જારી કરવામાં આવી છે. નેતાઓને અમુક કિંમતી ગીફટ પણ મળી છે. વડાપ્રધાન મનમોહનસિંહને અક વિદેશ પ્રવાસમાં ૯ લાખની કિંમતવાળી મોંઘીદાટ રોલેકસ ઘડિયાળ ગીફટમાં મળી છે. તો સોનિયા ગાંધીને સોનાનો હાર ગીફટમાં મળ્યો છે.

# ગાંધીનગરના વાતાવરણમાં એકાએક પલ્ટો

ગાંધીનગર, તા. ૬ બપોર સુધી આકરો તાપ અને ગરમી પડ્યા બાદ બપોર પછી શહેરમાં વાતાવરણ એકાએક પલ્ટાયું હતું. પવનની ગતિ વધી હતી અને પશ્ચિમ દિશામાંથી વાદળો ઘેરાઈ આવ્યા હતા.

હોવાના અહેવાલ મળ્યા નથી.

વાદળછાયા વાતાવરણના કારણે આકરા તાપથી થોડીક રાહત મળી હતી પરંતુ બફારો વધુ અનુભવાયો હતો. ચોમાસા પહેલાનુ વાતાવરણ બંધાઈ રહ્યું હોવાના ચિહ્નો પ્રાપ્ત થઈ રહ્યા છે.

પાટનગર સહીત રાજ્યના કેટલાક વિસ્તારોમાં ગરમીનો પારો ૪૩ થી ૪૪ ડીગ્રી જેટલો ઉંચો રહેતા રાજમાર્ગો પર જાણે અગનગોળા વરસી રહ્યા હોઈ તેવી આગઝળતી

એક તરફ કાળઝાળ ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો છે તો બીજી બાજુ ભાવનગર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અને ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ થયા હોવાના

ઠેર શહેરમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

શિહોર ઉપરાંત પાલીતાણાની તળેટી વિસ્તારમાં પણ કરા સાથે વરસાદ થયો હોવાના અહેવાલો

નોંધાવા પામ્યો છે.

પાટનગર ગાંધીનગરમા આજે સતત બિજા દિવસે પણ અગનગોળાની જેમ કાળઝાળ ગરમીનો પ્રકોપ ચાલુ રહેતા કરફ્યુ જેવો માહોલ રાજમાર્ગો

રાજમાર્ગો પર વાહન વ્યવહાર અને જનજીવન થંભી જવા પામ્યું હતું.

ગાંધીનગરમાં મોડી સાંજે વાતાવરમમાં પલટો આવ્યો હતો અને વાદળછાયુ વાતાવરણ થઈ જવા સાથે

### બપોર બાદ આકાશમાં વાદળો ઘેરાયા : કાળઝાળ ગરમી યથાવત

વાદળો ઘેરાતા ભરબપોરે સમીસાંજ જેવુ વાતાવરણ છવાયુ હતુ. પવનની ગતિ વધતા ખુલ્લા મેદાનોમાં ધુળની ડમરીઓ ઉડી હતી. વાહનચાલકોને પણ થોડીક પરેશાની થઈ હતી. હમણાં જ વરસાદી ઝાપટુ પડશે તેવુ વાતાવરણ બંધાયું હતું. જો કે મોડી સાંજે વાદળો દક્ષિણ-પૂર્વ દિશા તરફ ખેંચાઈ ગયા હતા. ગાંધીનગર શહેરમાં ક્યાંય વરસાદી ઝાપટુ પડ્યુ

રાજ્યના અન્ય વિસ્તારોની વાત કરીએ તો રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ પડી રહ્યો છે. ત્યારે બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની વણઝાર ચાલુ રહેવા પામી છે.

રાજ્યમાં હવામાન બેવડાયુ છે. કેટલાક વિસ્તારોમાં આજે બીજા દિવસે પણ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત ચાલુ રહેવા પામ્યો છે.





તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ

ગરમીનો અહેસાસ લોકોએ અનુભવ્યો હતો.

અહેવાલો સાંપડ્યા છે. ભાવનગર જિલ્લાના શિહોરમાં વરસાદ થતા ઠેર

સાંપડ્યા છે. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં પણ કમોસમી વરસાદ

પર જોવા મળતો હતો. ગરમીથી બચવા સૌ કોઈ ઘરમાં જ રહેતા

ધૂળની ડમરીઓ અને આંધી ફૂંકાવા લાગી હતી.

## સ્મરણાંજલિ



**હિતેનભાઈ,**

આપની ગેરહાજરી આજે પણ ખૂટે છે અને ખૂંચે છે...

**પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ**

**કૃષ્ણકાન્ત જ્હા**
**ગાંધીનગર સમાચાર પરિવાર**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. હિતેનભાઈ સોમાભાઈ બારોટ**

જન્મ તા. ૧૩-૧૧-૧૯૬૦ । નિર્વાણ તા. ૭-૫-૨૦૧૩

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

પરિશ્રમ અને પુરુષાર્થના પ્રેરણામૂર્તિ,
દયા-કરુણા અને સ્નેહના મહાસાગર,
પ્રેમાળ પૂજનીય પિતાને પ્રથમ પુણ્યતિથિએ પ્રણામ..

**સુવાસ બારોટ**
ઈન્ફોસિટી પરિવાર


## બીઝનેશ વીઝા

અમેરીકા સ્થાયી થવા માટે ગ્રીનકાર્ડ સાથે ફેમીલી વીઝા માટે રૂબરૂ મળો

તારીખ ૦૭-૦૫-૨૦૧૪ આજ રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે

સ્થળ : ૬૭૨, પહેલા માળે, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર

સંપર્ક :- Anday Patel, M. - 98243 26418

## ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧